પાલનપુરમાં લગ્નના જમણવારમાં દૂધ કોલ્ડ્રીંગ પીતા ૫૦૦થી વધુને ફૂડ પોઈઝનીંગ

મહિલા અને બાળકો વધુ ભોગ બન્યા : સિવિલ હોસ્પિટલ સહિત ખાનગી દવાખાના ઉભરાયા

પાલનપુર, તા. ૩

પાલનપુરમાં ગત મોડી રાત્રે મુસ્લીમ પરિવારના નિકાહની રસમ બાદ દૂધ કોલ્ડ્રીંગ પીતા નિકાહમાં આવેલા અતિથિઓને ફૂડ પોઈઝનીંગથી ઝાડા-ઉલ્ટીની ફરિયાદો શરૂ થતા લગ્ન મંડપમાં અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. આ ખોરાકી ઝેરની અસર મહિલા અને બાળકોમાં વધુ જોવા મળી હતી. ખોરાકી ઝેરની અસર વધુ ગંભીર બનતા હાજર લોકોને તાબડતોડ વાહનોમાં નાખી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. જોતજોતામાં અસરગ્રસ્તોની સંખ્યામાં વધારો થતા સિવિલ ઉપરાંત ખાનગી હોસ્પિટલ પણ ઉભરાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ પાલનપુરના નાગોરી વાસ ખાતે રહેતા અને ફોરેસ્ટ વિભાગમાં નોકરી કરતા ઈદ્રીશભાઈ નાગોરીના પુત્રનો લગ્નસમારોહ અને જમણવારનો કાર્યક્રમ હતો. નિકાહની રસમ પુરી થતા અતિથિઓ જમવા માટે ગયા હતા જ્યાં દૂધ કોલ્ડ્રીંગ પીતા ધીમે ધીમે લોકોમાં ઝાડા-ઉલ્ટીની ફરિયાદો એક પછી એક ઉઠવા પામી હતી. જોત જોતામાં આ ખોરાકી ઝેરની અસરનો આંકડો વધીને ૫૦૦થી પણ વધારે થતા અતિથિઓમાં દોડધામ મચી જવા પામી હતી.

આ ઘટનામાં બાળકો અને મહિલાઓ વધારે ભોગ બન્યા હતા. લગ્ન મંડપમાં ખોરાકી ઝેરની અસરથી અસરગ્રસ્ત બનેલા લોકોને તાબડતોડ ખાનગી તેમજ સરકારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સેવાભાવી લોકો પણ મદદે હોસ્પિટલમાં તુરંત દોડી આવ્યા હતા. બનાવના પગલે જિલ્લા આરોગ્યના અધિકારીઓ અને ધારાસભ્ય સહિત અગ્રણીઓ સિવિલમાં દોડી આવ્યા હતા.

મોડાસા તાલુકાના બે યુવાનોએ વ્યાજખોરોના ત્રાસથી ઘર તરછોડ્યુ

ભરૂન્ડાના ક્ષત્રિય યુવાનનો મૃતદેહ પાવાગઢની સીમમાંથી મળ્યો : બાયલ-ઢાંકરોલનો શિક્ષકનો કોઈ જ અત્તોપત્તો નહી : તગડા વ્યાજ વસુલતી ગેરકાયદેસર ફાઈનાન્સની હાટડી જિલ્લામાં ફૂટી નીકળી

મોડાસા, તા. ૩

અરવલ્લી જિલ્લાના મોડાસા સહિત અન્ય શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં પઠાણી વ્યાજ ઉઘરાવતી અને ગેરકાયદેસર ફાયનાન્સ કરી જરૂરીયાતમંદ લોકોને ઘર છોડવા અને આત્મહત્યા કરવા મજબૂર કરતી તેમજ વ્યાજે આપેલા રૂપિયાના બદલામાં દાદાગીરી કરી મિલ્કત પચાવી પાડતી ઠેર ઠેર હાટડીઓ ખોલી વ્યાજખોરોએ રીતસર જિલ્લામાં આતંક ફેલાવી દીધો છે. મોડાસા તાલુકાના બે યુવકોને વ્યાજખોરોએ પઠાણી ઉઘરાણી કરતા અસહ્ય બનેલી ઉઘરાણી અને ચક્રવૃદ્ધિ વ્યાજના વિષચક્રમાંથી બહાર નિકળવાનુ અશક્ય લાગતા એક જ અઠવાડિયામાં બે યુવકો રહસ્યમય રીતે ગુમ થઈ જતા ચકચાર મચી હતી. બાયલ-ઢાંકરોલ ગામનો અને શિક્ષક તરીકે ફરજ બજાવતો યુવક ગુમ થવાની શાહી સુકાઈ નહોતી ત્યારે ભેરૂન્ડા ગામનો ક્ષત્રિય યુવાન ૭ દિવસ અગાઉ ગુમ થઈ જતા અને યુવકનો મૃતદેહ પાવગઢ નજીકના જંગલ ઝાડીઓમાંથી મૃતદેહ મળી આવતા મૃતકના પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ હતી.

આધારભૂત સૂત્રોના જણાવ્યા મુજબ મોડાસા તાલુકામાં દિનપ્રતિદિન વ્યાજખોરોનો ત્રાસ વધી જતા એક જ અઠવાડિયામાં બીજા યુવાને ઘર છોડવા મજબૂર બની જતાં મોડાસા પંથકમાં ચકચાર મચી ગઈ હતી. તાજેતરમાં જ બાયલ ઢાંખરોલના શિક્ષક યુવકે વ્યાજખોરોના ત્રાસથી ઘર છોડવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો ત્યાં જ મોડાસા તાલુકાના ભેરૂન્ડા ગામના એક યુવાન રમેશભાઈ ભીખાભાઈ ખાંટ (ઉ.વ.૪૦) મોડાસા ખાતે આવેલ લક્ષ્મી શોપીંગ સેન્ટરમાં આવેલી એક દવાની દુકાનમાં ગત સોમવારે નિત્યક્રમ મુજબ નોકરીના સ્થળે આવેલ પરંતુ મોડી સાંજે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ આદરી સગાસંબંધીઓના ત્યાં પણ તપાસ કરતા કોઈ જ અત્તોપત્તો લાગ્યો ન હતો. છેવટે પરિવારજનોએ મોડાસા રૂરલ પોલીસ મથકે યુવક ગુમ થયાની જાણ કરી હતી. ત્યારે બે દિવસ અગાઉ પાવાગઢ નજીક બે દિવસ પહેલા રમેશભાઈનો મૃતદેહ મળી આવતા પરિવારજનો પર આભ તુટી પડ્યું હતું. પરિવારજનોના જણાવ્યા મુજબ મૃતક યુવાને વ્યાજખોરોના ચક્રવ્યૂહમાં ફસાતા અંતિમ પગલુ ભરી લીધુ હોવાનું જણાવ્યું હતું. જ્યારે મોડાસા રૂરલ પોલીસે ભેરૂન્ડાના યુવાને વ્યાજખોરોનો ત્રાસ હોવાની વાતને નકારી કાઢી હતી.

સમગ્ર દેશમાં બજેટીંગ કામગીરીમાં ખેરાલુ તાલુકાના ચાડા ગામની પસંદગી

મહેસાણા, તા. ૩

ડૉ. ભીમરાવ આંબેડકર સાહેબની ૧૨૫મી જન્મ જયંતિ નિમિત્તે મીનીસ્ટ્રી ઓફ વોટર સીસોર્સ રીવર ડેવલપમેન્ટ એન્ડ ગંગા રીજુવેશન વિભાગ - ભારત સરકારશ્રી દ્વારા કેન્દ્ર સ્તરીય એક દિવસીય કાર્યશાળા યોજવામાં આવેલ હતી. કાર્યક્રમમાં વોટર બજેટીંગ એન્ડ વોટર સીક્યુરીટી પાયલોટ પ્રોજેક્ટ હેઠળ સમાવિષ્ઠ ૧૦ રાજ્યોના ૧૫ તાલુકાઓ પૈકી ગુજરાત રાજ્યના મહેસાણા જિલ્લાના ખેરાલુના ચાડા ગામને વોટર બજેટીંગ કમીટી અને વોટર બજેટીંગની કામગીરીને સન્માનિત કરવામાં આવેલ છે.

દિલ્લી ખાતે 'જલ સંશાધનોનો બૃહદ વિકાસ અને વર્તમાન પડકારો'ના વિષય પર યોજવામાં આવેલ હતો. જિલ્લા કલેક્ટર, વૉટર બજેટીંગ એન્ડ વૉટર સીક્યુરીટી પાયલોટ પ્રોજેક્ટ ખેરાલુ વાસ્મો પાણી પુરવઠા વિભાગના માર્ગદર્શન હેઠળ ખેરાલુ તાલુકાના તાલુકા વતીથી ચાડા ગામની વૉટર બજેટીંગ કમિટીના સભ્ય ધર્મેન્દ્રભાઈ એ. બારોટ, નંદુબેન એસ. બારોટ તથા શર્મિષ્ઠાબેન અને બી.ઓ. પંડીત - સ્ટેટ નોડેલ ઓફિસર (બીડબલ્યુબીએસ) અને દેવંગ શર્મા - ડી એન્ડ સી વાસ્મો વડી કચેરી ગાંધીનગરની ઉપસ્થિતિમાં કેન્દ્રીય સ્તરે કાર્યક્રમની કામગીરીને સન્માનિત કરાઈ હતી. સુશ્રી ઉમા ભારતી - મીનીસ્ટ્રી ઓફ વોટર સીસોર્સ રીવર ડેવલપમેન્ટ એન્ડ ગંગા રીજુવેશન, હંસરાજ ગંગારામ આહિર - મીનીસ્ટ્રી ઓફ સ્ટેટ ફોર કેમીકલ એન્ડ ફર્ટીલાઈઝર, પ્રો. સનવર લાલ જાટ - મીનીસ્ટ્રી ઓફ સ્ટેટ ફોર વોટર રીસોર્સ, રીવર ડેવલપમેન્ટ એન્ડ ગંગા રીજુવેશન, થાવર ચંદ ગેહલોત - મીનીસ્ટ્રી ઓફ સોશીયલ જસ્ટીશ એન્ડ એમ્પાવરમેન્ટ, રામ વિલાસ પાસવાન - ફૂડ એન્ડ પબ્લીક ડીસ્ટ્રીબ્યુશનની હાજરીમાં યોજવામાં આવેલ હતો. ગામોએ તથા વોટર બજેટીંગ કમિટીઓ દ્વારા કરેલ પ્રસન્નીય કામગીરીને સન્માનીય કરવામાં આવેલ હતી.

વૉટર બજેટીંગ એન્ડ વૉટર સીક્યુરીટી પાયલોટ પ્રોજેક્ટ ખેરાલુ

પોશીના તાલુકામાં વિકાસ કામો સત્વરે પૂર્ણ કરવા કોંગ્રેસ દ્વારા આવેદનપત્ર અપાયું

હિંમતનગર, તા. ૩

નવરચિત પોશીના તાલુકાના ગામોમાં વિકાસલક્ષી કામોને સત્વરે પૂર્ણ કરવા પોશીના તાલુકા કોંગ્રેસના સદસ્યો તથા કાર્યકરો દ્વારા સોમવારે મામલતદારને આવેદનપત્ર અપાયું

આ અંગેની વિગત એવી છે કે સાબરકાંઠા જિલ્લાના નવરચિત પોશીના તાલુકાની ૧૭ ગ્રામ પંચાયતોના ઉંડાણના રાજસ્થાન રાજ્યને અડીને આવેલ અંતરિયાળ ગામોમાં વિવિધ વિકાસલક્ષી કામો ઘણા સમયથી અટકેલ હોવાથી ઝડપી વિકાસ થયેલ નથી. જેના કારણે આ વિસ્તારના અંતરિયાળ ગામોમાં શિક્ષણ, આરોગ્ય, પાણીના પ્રશ્નો તેમજ રસ્તાના કામો ન થવાથી આ ગામોમાં વિકાસ કથળી રહેલ છે તથા પોશીના ખાતે એસ.ટી. ડેપો તથા કોલેજ કેમ્પસ માટેની જમીન ફાળવણી તથા આ વિસ્તારમાં હાલ પાણીની અછત વર્તાઈ રહી છે.

પાલનપુરનું દંપતી વરસાદી પાણીનો વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરે છે

પાલનપુર, તા. ૩

સમગ્ર ગુજરાતમાં પાણીની મોંકાણ છે, જળાશય ખાલીખમ છે. બોર-કૂવા ડૂકવા લાગ્યા છે.સમસ્યા કદાચ સાચી હશે. પણ, એનો ઉકેલ નથી એવું નથી.એનો ઉકેલ છે કે, ચોમાસામાં પડતાં વરસાદના પાણીનો વૈજ્ઞાનિક ઢબે સંગ્રહ કરવો. ઘરે-ઘરે કામ કરવું અને કઈ રીતે કરી શકાય તેનું ઉદાહરણ પાલનપુરના એક જાગૃત નાગરિકે પોતે પોતાના ઘરે કરેલા સફળ પ્રયોગ દ્વારા આપ્યું છે.

પાલનપુર શહેરના એગોલા રોડ પર આવેલી નંદનવન સોસાયટીમાં રહેતા મહેશભાઈ છેલ્લા ૧૩ વર્ષથી વરસાદી પાણીનો સંગ્રહ કરે છે. મહેશભાઈ એ પોતાના ઘરે વરસાદી પાણીના સંગ્રહ માટે ભૂગર્ભ ટાંકી બનાવી છે અને તે ટાંકીમાં વરસાદી પાણીનો સંગ્રહ થાય છે. આ વરસાદી પાણીનો ઉપયોગ મુકેશભાઈ આખુ વર્ષ ઉપયોગ કરે છે. પાલનપુરના જાગૃત નાગરિક સમજાવે છે કે આ વૈજ્ઞાનિક રીતે વરસાદી પાણી સગ્રહવાના અનેક ચમત્કારિક ફાયદા છે.

મહેશભાઈ છેલ્લા ૩૧ વર્ષથી આયુર્વેદમાં પ્રેકટીસ કરે છે તેમજ તેઓ જણાવે છે કે આ પાણી પીવાથી તેમના પરિવારમાં કોઈ પણ બિમારી થઈ નથી. મહેશભાઈના પત્ની પણ કહે છે કે ઘરે ઘરે વરસાદી પાણીનો સંગ્રહ કરવો જોઈએ. મહેશભાઈના પત્ની પ્રવીણાબહેન વધુમાં જણાવે છે કે તેમને ચામડી પરના દાગ હતા તે પણ આ પાણીથી મટી ગયા હતા. મુકેશભાઈ જણાવે છે કે તેમનો પરિવાર છેલ્લા ૧૩ વર્ષથી વરસાદનુ જ પાણી પીવે છે આજથી ૧૪ વર્ષ પહેલા મકાન બનાવતી વખતે મહેશભાઈએ ભૂગર્ભ પાણીની ટાંકી બનાવી હતી. જેની ૯ ફૂટ પહોળાઈ લંબાઈ અને ઉંડાઈ હતી. તેના પર ધાબુ ભરી દોઢ ફૂટ માટી ભરી દીધી હતી .વરસાદનુ પાણી ધાબા પરથી નાની નાની બે કૂંડીમાં જઈ કપડાથી ગળાઈને ભૂગર્ભની ટાંકીમાં જાય છે. આ પરિવાર જરુરિયાત મુજબ રોજ હેડ પંપથી પાણી ઉપયોગમાં લે છે. માત્ર બે કે ત્રણ દિવસ સારો વરસાદ આવે તો ૧૫ હજાર લીટરનુ ટાંકુ ભરાઈ જાય છે અને આરામથી ૧ વર્ષ ચાલે તેટલા પાણીનો સંગ્રહ થાય છે. તેમજ વરસાદી પાણી સંગ્રહ કરેલા પાણી પીવાથી અનેક ફાયદા થાય છે. જેમકે સાંધાના રોગ, પાંચનતંત્ર, શ્વાસતંત્રના રોગ, ચામડીના રોગ, વાળના રોગ, પેશાબ અને મળમાર્ગના રોગોમાં પાણી એ સૌથી અગત્યનુ ઔષધ અને આહાર દ્રવ્ય છે.

પાલનપુરની નંદનવન સોસાયટીમાં રહેતા મહેશભાઈ છેલ્લા ૧૩ વર્ષથી વરસાદી પાણીનો સંગ્રહ કરી પીવાના માટે ઉપયોગ કરે છે : ત્રણ દિવસ વરસાદ આવે તો ૧૫ હજાર લીટરનો ટાંકો ભરાઈ જાય છે જેને ૧ વર્ષ સુધી ઉપયોગમાં લઈ શકાય છે

પ્રાંતિજમાં ૧ લાખની કિંમતના બે પશુની ચોરી

પ્રાંતિજ, તા. ૩

પ્રાંતિજમાંથી રાત્રીના સમયે ઘર આગળ બાંધેલા બે પશુઓ કોઈ અજાણ્યા ચોર ઈસમો ચોરી કરી લઈ જતાં પશુ માલિક ભરતભાઈ કેશાભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા પશુચોર વિરૂદ્ધ ફરીયાદ કરતાં પોલીસે અજાણ્યા પશુચોર વિરૂદ્ધ ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ એસ.ટી. બસ ડેપો પાસે આવેલ રહેણાંક વિસ્તારમાં ઘર આગળ બાંધેલ બે ભેંસ જેમાં એક ભેંસની કિંમત રૂ. ૫૦ હજાર કુલ બે ભેંસ જેની કુલ કિંમત ૧ લાખ કોઈ અજાણ્યા ચોર ઈસમો રાત્રીના સમયે ઘર આગળ બાંધેલ બે પશુઓની ચોરી કરી લઈ ગયા હતા. પશુ માલિક દ્વારા વહેલી સવારેથી બપોર સુધી શોધખોળ બાદ આજુબાજુમાંથી કોઈ જગ્યાએથી બન્ને પશુ ના મળી આવતા પશુમાલિક ભરતભાઈ કેશાભાઈ પટેલ દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા પશુ ચોર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ કરતાં પોલીસે અજાણ્યા પશુચોર વિરૂદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે ઉલ્લેખનીય છે કે પ્રાંતિજમાં છેલ્લા કેટલાક દિવસથી હત્યા, લુંટ, ચોરી, મર્ડર સહિતના ગુનાઓની ગુનાખોરી એક પછી એક ગુનાઓને અંજામ આપવામાં આવે છે. છતાં પ્રાંતિજ પોલીસના પેટનું પાણીએ હલતુ નથી અને માત્ર સ્પષ્ટ પણે જણાઈ આવે છે કે પ્રાંતિજ પોલીસને વલ્લીમટકા, દારૂ, જુગારના હમા સિવાય અન્ય કોઈ ગુનાઓ કે વધતા જતાં કાઈમમાં રસ ના હોય તેવું જણાઈ આવે છે. ત્યારે પ્રાંતિજ તથા તાલુકામાં લોકોમાં વધતા જતાં ગુનાઓને લઈ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

પાલનપુર નગરપાલિકાની સાધારણ સભામાં વિકાસના ૧૭ કામોની બહુમતીથી બહાલી

ભાજપ શાસીત પાલનપુર નગરપાલિકાની ત્રીજી સાધારણ સભા આજરોજ નગરપાલિકાના સભાખંડમાં મળેલ હતી. ભાજપ અને કોંગ્રેસના સદસ્યોની હાજર વચ્ચે પાલનપુર શહેરના ૧૭ વિકાસના કામોને બહાલી અપાઈ હતી. જેમાં ૨૩ વિરૂદ્ધ ૧૭ સદસ્યોએ આ વિકાસના કામોમાં ૨૩ સદસ્યોએ બહુમતીથી મંજુર કરેલ જ્યારે વિરોધ પક્ષે પાલનપુર નગરપાલિકામાં વિકાસના કામોમાં ફાળો ન આપતા તોડફોડ કરી અને હોબાળો મચાવ્યો હતો. નગરપાલિકાના સદસ્યશ્રી અને પૂર્વ પ્રમુખ હસમુખભાઈ પઢીયારની ખેતીવાડી ઉત્પન્ન બજારમાં સભ્ય તરીકેની વરણી કરવામાં આવી હતી.

અંબાજીમાં જમીન પર પટકાતા યુવાનનું મોત

પાલનપુર, તા. ૩

યાત્રાધામ અંબાજીમાં લીંબાચીયા ધર્મશાળા પાસે એક શખ્સ બપોરના સમયે અચાનક જ કોઈ કારણસર જમીન પર પટકાયો હતો. જેનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

ઉત્તર ગુજરાત સહિત રાજ્યભરમાં આકરા તાપ અને ગરમીને લીધે નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. દિવસે ને દિવસે ગરમી વધતા લોકો અનેક બિમારીનો ભોગ બની રહ્યા છે. જેમાં બ્લડ પ્રેસર લૉ, બ્લડ પ્રેસર હાઈ, ચક્કર આવવા, શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટવુ વગેરે કેસોમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે અંબાજીમાં લીંબાચીયા ધર્મશાળા પાસે એક અજાણ્યો શખ્સ કોઈ કારણોસર જમીન પર પટકાતા તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે કોટેજ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તબીબે મૃત જાહેર કર્યો હતો. પોલીસ મૃતકની મોતની પ્રાથમિક તપાસ કરતા મૃતક યુવક અંબાજી પંથકમાં પડી રહેલી કાળઝાળ ગરમીનો ભોગ બન્યો હોય તેવું જાણવા મળ્યું છે. પોલીસે મૃતકના મૃતદેહને પીએમ અર્થે મોકલી આપી તેના વાલી-વારસદારની શોધખોળ હાથ ધરી છે.

ગાંભોઈ સ્થિત જિલ્લા ખરીદ વેચાણ સંઘના પેટ્રોલપંપ કૌભાંડમાં સંડોવાયેલ ચાર કર્મચારીઓ સસ્પેન્ડ

હિંમતનગર, તા. ૩

સાબરકાંઠા જિલ્લા ખરીદ વેચાણ સંઘ દ્વારા સંચાલિત ગાંભોઈ નજીક આવેલ પેટ્રોલપંપમાં ગેરરીતિ આચરી ગ્રાહકો સાથે છેતરપિંડી કરવાના કૌભાંડનો વહીવટી તંત્રના અધિકારીઓએ રવિવારે દરોડા પાડીને પર્દાફાશ કર્યો છે ત્યારે જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેને સોમવારે તાત્કાલિક બોર્ડ ઓફ ડિરેક્ટરોની બેઠક બોલાવી ચર્ચા-વિચારણા બાદ કૌભાંડમાં સંડોવાયેલ ચાર કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે હિંમતનગરના મામલતદાર એચ.કે. ગઢવી તથા તોલમાપ વિભાગના અધિકારીઓ દ્વારા ગાંભોઈ સ્થિત જિલ્લા ખરીદ વેચાણ સંઘ સંચાલિત પેટ્રોલપંપ પર દરોડા પાડીને તપાસ કરતા રીમોટનો ઉપયોગ કરી પેટ્રોલ-ડીઝલ ભરાવવા માટે આવતા ગ્રાહકોને ઓછો જથ્થો અપાતો હોવાના કૌભાંડનો પર્દાફાશ કરી તંત્રએ પેટ્રોલ-ડીઝલનો જથ્થો સીઝ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.સોમવારે જિલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જયંતિભાઈ પટેલે તમામ બોર્ડ ઓફ ડિરેક્ટરોની બેઠક બોલાવી હતી.

જેમાંજિલ્લા ખરીદ વેચાણ સંઘ સહિત તાલુકાઓમાં શાખાઓ ખોલી ગ્રાહકો અને ખેડૂતોને મદદરૂપ બની વિવિધ પ્રવૃતિઓ કરાય છે. સંસ્થાએ ગત વર્ષમાં ખેડૂતો માટે સરકારની સબસીડી યોજના હેઠળ ડ્રીપ ઈરીગેશન, હાઈબ્રીડ બિયારણો, રાસાયણિક ખાતરો તથા ગ્રાહકોને ઉપયોગી આધુનિક ફુટવેર શો-રૂમ તથા સુપર માર્કેટ શરૂ કર્યુછે. ઉપરાંત પેટ્રોલપંપ ચલાવી ગ્રાહકોની સારી સેવાઓ પુરી પાડવામાં આવે છે. પરંતુ ગાંભોઈ પેટ્રોલપંપ પર ફરજ બજાવતા અને કૌભાંડમાં સંડોવાયેલ વાસુદેવ.બી. પટેલ (બ્રાન્ચ મેનેજર), નિલેશકુમાર.બી.પટેલ (કલાર્ક), રાજેશકુમાર.પી.પટેલ (કલાર્ક) અને કમલેશકુમાર.કે.પટેલ (પટાવાળા) સામે તપાસ દરમિયાન કરાયેલી ગેરરીતિ બદલ શિક્ષાત્મક કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયો છે. ઉપરાંત તપાસ માટે બોર્ડના પાંચ સભ્યોની નિમણુક કરી તાત્કાલિક અસરથી કૌભાંડમાં સંડોવાયેલ ચાર કર્મચારીઓને સસ્પેન્ડ કર્યા છે.

પરબડા ગામની સગીરાનું અપહરણ : બે વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર નજીકના પરબડા ગામમાંથી સગીરાનું લગ્ન કરવાના ઈરાદે લલચાવી-ફોસલાવી પાંચેક દિવસ અગાઉ તલોદ તાલુકાના મોઢુકા ગામનો શખ્સ અપહરણ કરી જતા સગીરાના પિતાએ ઘટના અંગે મોઢુકાના બે શખ્સ વિરૂધ્ધ હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. તલોદ તાલુકાના મોઢુકા ગામે રહેતો અને મૂળ પંચમહાલ જિલ્લાના ફતેપુરા તાલુકાના ચીખલી બલાયા ગામનો હરેશ ઉર્ફે હરિ રમણભાઈ આદિવાસી ગત તા.૨૬ એપ્રિલના રોજ પરબડા ગામમાંથી સગીરાને લલચાવી-ફોસલાવી ભગાડી ગયો હતો. લગ્નના ઈરાદે પોતાની પુત્રીને ભગાડી જનાર હરેશ ઉર્ફે હરિ ઉપરાંત મોઢુકાના ખાતે જ રહેતા જયંતિભાઈ પટેલ વિરૂધ્ધ સગીરાના પિતાએ હિંમતનગરના બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.